# 215

**રાજ્ય સરકાર દ્વારા એશિયાઇ સિંહના સંરક્ષણ અને સંવર્ધન બાબતે જાગૃતિ લાવવા કરેલ કામગીરી**

*** 15/8/3215 શ્રી મહેશ કસવાલા** (સાવરકુંડલા) : **માનનીય વન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજયમાં એશિયાઈ સિંહના સંરક્ષણ અને સંવર્ધન બાબતે જાગૃતિ લાવવા સરકાર દ્વારા કોઈ કામગીરી કરવામાં આવેલ છે કે કેમ, અને | (૧)હા, જી. |
| (૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં શી કામગીરી કરવામાં આવી? | (૨) છેલ્લા બે વર્ષમાં રાજયમાં એશિયાઈ સિંહના સંરક્ષણ અને સંવર્ધન બાબતે જાગૃતિ લાવવા સરકારશ્રી દ્વારા નીચેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.<br>• ગામડાઓમાં વન્યજીવ સંરક્ષણ અંગે માહિતગાર કરવા માટે પ્રવચન, પ્રદર્શન અને માર્ગદર્શન આપવામાં આવેલ છે.<br>• વિશ્વ સિંહ દિવસ, વન્યપ્રાણી સપ્તાહ અને વિશ્વ વન્યપ્રાણી દિવસ જેવા પ્રસંગોની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમો થતી જેવા કે જાગૃતિ કાર્યક્રમો, સ્પર્ધાઓ અને પ્રચાર પ્રવૃત્તિઓ, પોસ્ટર, પેમ્ફલેટ, બેનર તથા ડોક્યુમેન્ટરી ફિલ્મોના માધ્યમથી માહિતીનો વ્યાપક પ્રસાર, સોશિયલ મીડિયા તેમજ વિવિધ જાહેર કાર્યક્રમોના માધ્યમથી પણ લોકો સુધી વન્યજીવ સંરક્ષણની માહિતી પહોંચાડવામાં આવે છે.<br>• પ્રકૃતિ શિક્ષણ શિબિરો દ્વારા શાળા તથા કોલેજના વિદ્યાર્થીઓને વન્યજીવસૃષ્ટિ, વન્યજીવો તથા વન્યપ્રાણીઓના સંરક્ષણ અંગે માર્ગદર્શન અને જાગૃતિ આપવામાં આવેલ.<br>• ઈકો ડેવલપમેન્ટ સમિતિઓના સંકલનમાં વન્યજીવ સંરક્ષણ બાબતે વ્યાપક જનજાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ છે.<br><br>વર્ષ ૨૦૨૫ દરમ્યાન હાથ ધરાયેલ સિંહ વસ્તી અંદાજના સમયગાળામાં પણ સ્થાનિક લોકો અને આગેવાનો માટે વિશેષ જાગૃતતા અને તાલીમ કાર્યક્રમ યોજી તેઓને પણ આ કામગીરીમાં સીધી રીતે જોડવામાં આવેલ છે. |

----------------------